# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




## ડાંગરના પાકને બચાવવા નહેરનું પાણી 30 નવેમ્બર સુધી ચાલુ રાખવાની માંગ

**ભારે વરસાદથી** ધરુ નાશ પામતાં ખેડૂતોને ૧૫થી ૨૦ દિવસ મોડું રોપાણ કરવું પડ્યું; મુખ્યમંત્રી અને સિંચાઇ મંત્રી સમક્ષ રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ અને ખેડા જિલ્લાના ખેડૂતોના ખરીફ સીઝનના ડાંગરના પાકને બચાવવા મહી સિંચાઈ વિભાગનું નહેરનું પાણી આગામી તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી ચાલુ રાખવાની માંગ ઉઠી છે. સામાન્ય રીતે ખરીફ પાક માટે તા. ૧૫ નવેમ્બર સુધી સિંચાઈનું પાણી આપવામાં આવે છે, પરંતુ ચાલુ વર્ષે ભારે વરસાદના કારણે ખેતીનું સમયપત્રક ખોરવાતાં ખેડૂતોને વધારાના ૧૫ દિવસ પાણી આપવું જરૂરી બન્યું છે.

ચાલુ વર્ષે તા. ૨૨થી ૨૯ જુલાઈ દરમિયાન ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડતાં આણંદ અને ખેડા જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં ડાંગરનાં ધરુ પાણીમાં ડૂબી જવાથી નાશ પામ્યાં હતાં. આથી ખેડૂતોને મોંઘા ભાવે નવેસરથી બિયારણ લાવી ધરુ તૈયાર કરવાની ફરજ પડી હતી. સામાન્ય રીતે જુલાઈ-ઓગસ્ટમાં ડાંગરનું રોપાણ પૂર્ણ થઈ જતું હોય છે, પરંતુ ધરુ નાશ પામવા અને ખેતરોમાં પાણીના નિકાલની સમસ્યાને કારણે આ વર્ષે સપ્ટેમ્બરમાં ૧૫થી ૨૦ દિવસ મોડું રોપાણ કરવું પડ્યું હતું.

હાલમાં મોડા રોપાયેલા ડાંગરના પાકને યોગ્ય રીતે તૈયાર થવા માટે નવેમ્બર મહિનામાં સિંચાઈના પાણીની જરૂરિયાત છે. ખાસ કરીને ખંભાત, માતર, તારાપુર અને પેટલાદ તાલુકાનાં છેવાડાનાં ગામોના ખેડૂતોને પાક બચાવવા વધારાના પાણીની આવશ્યકતા હોવાનું જણાવાયું છે.

આ અંગે ભારતીય કિસાન સંઘ, ખંભાતના પ્રમુખ બળવંતસિંહ નાથુભાઈ પરમારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના સિંચાઈ મંત્રી સમક્ષ રજૂઆત કરી છે. મહી સિંચાઈ વિભાગની નહેરો મારફતે સંબંધિત વિસ્તારોમાં તા. ૩૦ નવેમ્બર સુધી પાણી ચાલુ રાખવામાં આવે તો ખેડૂતોની મહેનત અને ખેતી પાછળ થયેલો ખર્ચ વ્યર્થ જતો અટકી શકે તેમ તેમણે જણાવ્યું છે.

### વલ્લભ વિદ્યાનગરમાં આરએસએસ દ્વારા ભવ્ય પથ સંચલન યોજાયું

વલ્લભ વિદ્યાનગર સ્થિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા શાસ્ત્રી મેદાન ખાતે વિજયાદશમી ઉત્સવ, ભવ્ય પથ સંચલન અને શાસ્ત્રોક્ત શસ્ત્રપૂજનનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. કેશવ શ્યામ શાખા સ્થાન, શાસ્ત્રી મેદાન ખાતેથી બપોરે શિસ્તબદ્ધ ભવ્ય પથ સંચલનનું પ્રસ્થાન થયું હતું. આ પથ સંચલન શાસ્ત્રીમેદાનથી શરૂ થઈ બેંક ઓફ બરોડા, ભાઈકાકા, ઈસ્કોન, એ. એમ. નાઈક હોસ્ટેલ અને ભાઈકાકા લાઇબ્રેરી થઈને પરત શાસ્ત્રીમેદાન પહોંચ્યું હતું. આ પથ સંચલન બાદ સાંજે શાસ્ત્રોક્ત વિધિ મુજબ શસ્ત્રપૂજન અને વિજયાદશમી ઉત્સવનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## વાસદમાં પ્રેમસંબંધ તૂટતાં યુવતીનાફોટાવાયરલકર્યાં

**યુવતીને** સંબંધ ચાલુ રાખવા મળવા દબાણ કરી બ્લેકમેઇલિંગ કર્યું

**યુવતીના** નામે જ આઇડી બનાવી અંગત ફોટા વાયરલ કરી દીધા હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

વાસદ પંથકમાં પ્રેમસંબંધનો અંત આવ્યા બાદ યુવતીને મળવા દબાણ કરી, સંબંધ ચાલુ રાખવા માટે બ્લેકમેઇલિંગ કરી અંગત ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવાની શરમજનક ઘટના સામે આવી છે. યુવતી દબાણ સામે તાબે ન થતાં યુવકે ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી ફોટા વાયરલ કરી દેતા આંગણે વાસદ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગત મુજબ, આણંદ તાલુકાના રાજુપુરા ગામે રહેતા પ્રતિક મુકેશભાઈ પઢીયાર નામના યુવકને અગાઉ ભોગ બનનાર યુવતી સાથે પ્રેમસંબંધ હતો. તે દરમિયાન બંનેના સાથે પડાવેલા ફોટા પ્રતિકના મોબાઈલમાં હતા. જોકે, સમય જતાં આ પ્રેમસંબંધનો અંત આવ્યો હતો. પ્રેમસંબંધ તૂટી ગયા પછી પણ પ્રતિક પઢીયાર યુવતીને સંબંધ ચાલુ રાખવા માટે અને રૂબરૂ મળવા આવવા માટે સતત દબાણ કરતો હતો.

જોકે, યુવતીએ પ્રતિકને મળવાની સ્પષ્ટ ના પાડતા, આરોપીએ તેને પ્રેમસંબંધ વખતના અંગત ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. બાદમાં પ્રતિકે યુવતીના નામે ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી અંગત ફોટા વાયરલ કરી દીધા હતા. આ મામલે વાસદ પોલીસે આરોપી પ્રતિક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આણંદ જિલ્લામાં ખેડૂતોના હકના સબસિડી વાળા ખાતરની ઉઘાડી લૂંટમાં કાર્યવાહી

## બોરસદમાં કાળાબજારીના યુરિયા કૌભાંડમાં પાંચની સંડોવણી ખુલી

**લેબ રિપોર્ટમાં** નીમ કોટેડ યુરિયાનો રિપોર્ટ આવતાં કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

બોરસદ તાલુકાના નાપા વાંટા ગામે ભાભરી તલાવડી વિસ્તારમાં આવેલા પતરાના શેડમાં ચાલતા ગેરકાયદે અડ્ડા પર પખવાડિયા પહેલા દરોડો પાડીને ટીમે ૩૦૮ બેગ સબસિડી વાળા યુરિયા ખાતર તથા ૨૩ ટેકનીકલ ગ્રેડ યુરિયાની ભરેલી થેલીઓ સહિતનો જથ્થો જપ્ત કર્યો જેના લેબ રિપોર્ટ બાદ પાંચ શખસ સામે ગુનો નોંધ્યો છે.

બોરસદના ખેતી અધિકારી અને ફર્ટિલાઇઝર ઇન્સ્પેક્ટર આર. આર. ક્રિશ્ચિયને નોંધાવેલી ફરિયાદ મુજબ, સરકાર દ્વારા ખેડૂતોને સબસિડી દરે અપાતું ખાતર ગેરકાયદે મેળવી લીધા બાદ નીમ કોટેડ યુરિયાની બોરીઓમાંથી ખાતર ખાલી કરી, તેને સફેદ થેલીઓમાં ભરીને ઇન્ડસ્ટ્રીયલ વપરાશ માટે કાળાબજારી કરતાં હતાં.

આ અંગે ગત તારીખ ૧૧મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નાપા વાંટા ગામે આવેલા જગુભા ઉર્ફે જગુભાઈ ઉદેસિંહ રાઠોડના પતરાના શેડમાં એસઓજી અને ખેતીવાડી અધિકારીઓની સંયુક્ત ટીમે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. સ્થળ પરથી નાસીરહુસેન ગુલામરસુલ શેખ અને સમીર ઈસ્માઈલ મન્સુરી યુરિયા ખાતરનું રિ-પેકિંગ અને સીવણ કામ કરતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

આ અંગે તપાસમાં સામે આવ્યું કે, આ ખાતરનો જથ્થો ડાકોરના અરવિંદભાઈ પાસેથી મેળવાયો હતો અને કેતન ઉર્ફે કૃણાલ શાહના કહેવાથી સફેદ બોરીઓમાં પેક કરવામાં આવતો હતો. આથી, દરોડા સ્થળેથી શંકાસ્પદ સફેદ બોરીઓમાંથી નમૂના લઈ ખાતર ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગર ખાતે પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા હતા. તારીખ ૧૯મીના રોજ પ્રાપ્ત થયેલા સત્તાવાર ટેસ્ટ રિપોર્ટમાં સફેદ બોરીઓમાં ભરેલા ખાતરમાં 'નીમ ઓઈલ'ની હાજરી મળી આવી હતી, જેથી સાબિત થયું હતું કે ખેતી માટેનું સબસિડી વાળા યુરિયા ખાતર જ સફેદ બેગમાં કાળાબજારી માટે ભરવામાં આવતું હતું.

આમ, લેબ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ ખેતી અધિકારી આર. આર. ક્રિશ્ચિયનની ફરિયાદના આધારે બોરસદ રૂલર પોલીસ સ્ટેશને નાસીરહુસેન ગુલામરસુલ શેખ (રહે. વડોદરા), સમીર ઈસ્માઈલ મન્સુરી (રહે. આણંદ), જગુભા ઉર્ફે જગુ ઉદેસિંહ રાઠોડ (રહે. નાપા વાંટા, બોરસદ), અરવિંદભાઈ (ડાકોર) - યુરિયા સપ્લાય કરનારા, કેતન ઉર્ફે કૃણાલ શાહ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બોરસદમાં કેનાલનું પાણી દૂષિતકરવાબદલકાર્યવાહી

**કેનાલમાં** ગેરકાયદે અંડરલાઈન પાઈપલાઈન નાખી પશુઓનું મળમૂત્ર ઠાલવ્યું

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૫

બોરસદ નજીક આવેલી મહી કેનાલની બ્રાન્ચમાં પોતાના તબેલામાંથી ગેરકાયદેસર અંડરલાઈન પાઈપલાઈન જોડી પશુઓના મળમૂત્ર અને સંડાસના કચરાનો નિકાલ કરી જાહેર પાણી દૂષિત કરવા બદલ બોરસદ સિટી પોલીસ સ્ટેશનમાં એક તબેલા માલિક સામે કાયદેસરની ફરિયાદ નોંધાઈ છે.

બોરસદ તાલુકાના ઝારોલા ગામના રહેવાસી અને મહી કેનાલ બોરસદ બ્રાન્ચમાં કેનાલ પેટ્રોલીંગની ફરજ બજાવતા જીગ્નેશ રવજીભાઈ પરમારે બોરસદ સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. કેનાલ પર પેટ્રોલીંગ દરમિયાન બોરસદ ગામની સીમમાં આવેલ કેનાલના નાળા પાસે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, સ્થાનિક તબેલા ધારક લિયાકતખાન ઉર્ફે મહંમદ શબીર પઠાણે પોતાના તબેલામાંથી અંડરલાઈન પાઈપલાઈન નાખી કેનાલમાં ગેરકાયદેસર કનેક્શન મેળવ્યું હતું.

આ પાઈપલાઈન મારફતે તબેલાના પશુઓનું મળમૂત્ર અને કચરો સીધો કેનાલના વહેતા પાણીમાં ઠાલવી દૂષિત કરવામાં આવી રહ્યું હતું. આ ગંભીર બેદરકારી અને ગેરકાયદેસર કૃત્ય ધ્યાને આવતા જ પેટ્રોલીંગ કર્મચારીએ સિંચાઈ વિભાગના ડેપ્યુટી એન્જિનિયર આર.જે. ભાટિયાને જાણ કરી હતી. અધિકારીની સૂચના મુજબ બોરસદ સિટી પોલીસ મથકે આરોપી સામે ગુનો દાખલ કરી પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## મહુધાના બલાડીમાં નજીવી બાબતેલાકડાનાદંડાથીહુમલો

**ખેતરે જવા** મુદ્દે જેઠ અને ભાભી વચ્ચે બોલાચાલી થતાં ચકલાસીથી પિયરીયા દોડી આવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

મહુધા તાલુકાના બલાડી ગામમાં ખેતરે જવા બાબતે જેઠ અને ભાભી વચ્ચે થયેલી બોલાચાલીની અદાવતમાં ભાભીના ભાઈ તથા તેમના સંબંધીઓએ જેઠ પર લાકડાના ડંડા વડે હુમલો કરી ધમકી આપ્યાનો બનાવ બન્યો છે. આ અંગે મહુધા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મહુધાના બલાડી ગામમાં પરિવાર સાથે રહી ખેતીકામ કરતા રામાભાઈ જેહાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૬) પોતાના ભાઈ મંગળભાઈ સાથે રહે છે. ગત ૨૦મી ઓક્ટોબર,૨૦૨૬ ના રોજ મંગળભાઈ અલીણા સિંચાઈ વિભાગની ઓફિસે નોકરી પર ગયા હતા ત્યારે તેમના પત્ની મીનાબેન ખેતરે કામ ન હોવા છતાં જવા તૈયાર થયા હતા. આથી જેઠ રામાભાઈએ કામ વગર જવાની ના પાડી અને જવું હોય તો ૧૬ વર્ષની દીકરીને સાથે લઈ જવા જણાવતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબતનું મનદુઃખ રાખી મીનાબેને ચકલાસી ખાતે રહેતા પોતાના ભાઈ વિક્રમભાઈ ઈશ્વરભાઈ વાઘેલાને ફોન કરીને ચઢામણી કરી હતી.

બાદમાં ૨૨મી ની સાંજે વિક્રમ વાઘેલા બલાડી આવ્યા હતા અને રામાભાઈ સાથે ચા-પાણી કર્યા બાદ બંને ગામની ભાગોળે રામદેવજી મંદિર સામે ખુલ્લી જગ્યામાં ગયા હતા. ત્યાં ઉત્તરસંડાના ભાવેશ રાયસિંગભાઈ પરમાર તથા ટીનીબેન લાકડાનો ડંડો લઈને આવ્યા હતા અને તું મારી બહેન પર ખોટો શક-વહેમ રાખી કેમ તપાસ રાખે છે તેમ કહી રામાભાઈ પર ડંડાથી હુમલો કર્યો હતો.

જોકે, બૂમાબૂમ થતાં ગામના શાંતિલાલ સોઢા પરમાર, શંકરભાઈ સોઢા પરમાર, માનસિંગભાઈ ચૌહાણ તથા પ્રકાશભાઈ ડાભી દોડી આવતા હુમલાખોરો રામાભાઈને મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. બનાવ અંગે રામાભાઈ ચૌહાણની ફરિયાદના આધારે મહુધા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વીરપુરના સરાડીયામાં નવજાત શિશુ મળી આવ્યું

**કાસમપુરા** તળાવ કિનારે અજાણી વ્યક્તિ દ્વારા ત્યજી દેવાયાની શંકા

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૫

વીરપુર તાલુકાના સરાડીયા ગામમાં આવેલા કાસમપુરા તળાવના કિનારેથી વહેલી સવારે એક નવજાત શિશુ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે. જોકે, ગ્રામજનો દ્વારા ૧૦૮ મારફતે શિશુને હોસ્પિટલ પહોંચાડાયું હતું. જ્યાં પ્રાથમિક સારવાર બાદ લુણાવાડા રીફર કરાયું હતું.

વીરપુરના સરાડીયા ગામના કાસમપુરા તળાવના કિનારે વહેલી સવારે નવજાત શિશુ મળી આવ્યું હતું. તળાવ કિનારે શિશુ હોવાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કોઈ અજાણી વ્યક્તિ દ્વારા માસૂમ શિશુને ત્યજી દેવાયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે અને આ કરતૂત અંગે લોકોમાં તરેહ-તરેહની ચર્ચા જાગી છે. આ ઘટના અંગે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા શિશુને હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. જ્યાં શિશુને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે લુણાવાડા રીફર કરવામાં આવ્યું છે. આ અંગે વીરપુર પોલીસે મોડી સાંજે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

### ઉમરેઠમાં એક્ટિવા સવાર મુસાફરો પાસેથી દાગીના લૂંટમાં એલસીબીને સફળતા મળી

## સાધુના વેશમાં ઘરેણાં તફડાવતી ઠગ ગેંગનો સાગરીત ઝડપાયો

**આશીર્વાદ આપવાના** નામે દાગીના પડાવી ભાગી જતાં હતાં

### સરનામું પુછવાના બહાને વાતોમાં ફસાવતાં હતાં

આ ગેંગ સાધુ બાવાનો વેશ ધારણ કરી મંદિરનું સરનામું પૂછવાના કે વાતોમાં ફસાવી મુસાફરોને ચુંગાલમાં લેતી હતી. બાદમાં આશીર્વાદ આપવાના નામે સોનાના ઘરેણાં પડાવી કારમાં રફુચક્કર થઈ જતી હતી. ઝડપાયેલા શખસે સામે અગાઉ ભાવનગર જિલ્લામાં પણ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચએ રસ્તે જતા વટેમાર્ગુઓને સાધુ બાવાનો વેશ ધારણ કરી આશીર્વાદ આપવાના બહાને વિશ્વાસમાં લઈ સોનાના દાગીના પડાવી લેતી રીઢા ઠગ ટોળકીના એક સાગરીતને ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતેથી ઝડપી પાડ્યો છે. પકડાયેલા શખસની પૂછપરછમાં ઉમરેઠ ખાતે આચરેલી લાખો રૂપિયાની ઠગાઈનો ભેદ ઉકેલાયો છે.

ઉમરેઠના હમીદપુરા બ્રિજ નજીક ગત ૨૦મી સપ્ટેમ્બરના રોજ કારમાં આવેલા સાધુના વેશધારી શખ્સોએ એક્ટિવા પર જતાં મુસાફરોને આશીર્વાદ આપવાના નામે રોકી વિશ્વાસમાં લીધા હતા. બાદમાં રૂ. ૧.૯૬ લાખની કિંમતની સોનાની વીંટી તથા સોનાનો પાટલો ઉતરાવીને તેઓ કારમાં ફરાર થઈ ગયા હતા, જે અંગે ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો હતો.

આ ગુનાની તપાસ અન્વયે આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમે સીસીટીવી કેમેરા અને બાતમીદારોની મદદ મેળવી હતી. તપાસ દરમિયાન બાતમી મળતા ટીમે દહેગામના ગણેશપુરા ખાતેથી અજયનાથ સુરમનાથ સારસર (મદારી)ને ઝડપી પાડ્યો હતો. જેની પૂછપરછમાં તેણે તેના સાથીદાર આદેશનાથ મદારી સાથે મળીને આ ઠગાઈ આચરી હોવાની કબૂલાત કરી હતી. આ કબુલાત આધારે આગળની કાયદેસરની કાર્યવાહી માટે ઉમરેઠ પોલીસ સ્ટેશનને સોંપીને અન્ય ફરાર સાથીદારની શોધખોળ હાથ ધરી છે.

## નડિયાદમાં તબીબોએ કાળના મુખમાંથી માતાને ઉગારી જીવન આપ્યું

**'પ્લેસેન્ટા એક્રીટા'ની** અત્યંત જટિલ સર્જરી દરમિયાન કાર્ડિયાક અરેસ્ટ આવતા જીવલેણ સ્થિતિ સર્જાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

નડિયાદમાં અગાઉ બે વખત સિઝેરિયન કરાવનારા અને પાંચમા મહિને ગર્ભવતી ૨૫ વર્ષીય મહિલાની ઓરડી ગર્ભાશયની દીવાલ ભેદી મૂત્રાશય સુધી ફેલાઈ જવાની અત્યંત ગંભીર 'પ્લેસેન્ટા એક્રીટા' બીમારીની સર્જરી દરમિયાન મોતના મુખમાંથી પાછા લાવવાની તબીબી સિદ્ધિ નડિયાદની એન.ડી. દેસાઈ મેડિકલ કોલેજ અને હોસ્પિટલે હાંસલ કરી છે. સર્જરી ટેબલ પર જ અતિશય રક્તસ્રાવ થતાં મહિલાને કાર્ડિયાક અરેસ્ટ આવતા હૃદયના ધબકારા રોકાઈ ગયા હતા. પરંતુ તબીબોની તાત્કાલિક સુઝબુઝથી સીપીઆર અને ઈલેક્ટ્રિકલ શોક આપી ધબકારા પુનઃ શરૂ કરી, ૩૭ યુનિટ રક્ત ચડાવીને ૧૦ દિવસની આઈસીયુ સંભાળ બાદ મહિલાને સંપૂર્ણ સ્વસ્થ કરી રજા આપવામાં આવી છે.

નડિયાદની એન.ડી. દેસાઈ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ગાયનેકોલોજી વિભાગના વડા ડો. ચિંતન ઉપાધ્યાયની આગેવાનીમાં ડો. શ્વેતાંબરી પાટીલ અને ડો. માનસી મયંગરે સર્જરી હાથ ધરી હતી. સર્જરી શરૂ થતાં જ અતિશય રક્તસ્રાવ થવાથી મહિલાનું હૃદય બંધ પડી ગયું હતું. તબીબોએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર સીપીઆર અને ઈલેક્ટ્રિકલ શોક આપીને હૃદયના ધબકારા પાછા લાવવામાં સફળતા મેળવી હતી અને દર્દીને તાત્કાલિક વેન્ટિલેટર પર શિફ્ટ કરાયા હતા.

આથી, દર્દીને બચાવવા માટે કુલ ૩૭ યુનિટ બ્લડ પ્રોડક્ટ્સ આપવામાં આવ્યા હતા; જેમાં ૧૦ યુનિટ પીસીવી, ૯ યુનિટ એફએફપી, ૮ યુનિટ ક્રાયોપ્રેસિપિટેટ અને ૧૦ યુનિટ પ્લેટલેટ્સનો સમાવેશ થાય છે. આ જટિલ કેસમાં એનેસ્થેસિયામાં ડો. કોમલ ઠાકર, સર્જરીમાં ડો. પુકુર ઠેકડી, મેડિસિનમાં ડો. હેતલ પંડ્યા, ઇમરજન્સીમાં ડો. બ્રિજેશ ચૌહાણ, પેથોલોજીમાં ડો. કીર્તિ વ્યાસ તેમજ યુરોલોજિસ્ટ ડો. અભિજિત પાટીલ અને કાર્ડિયોલોજિસ્ટ ડો. શોભિતે સાથે મળીને કામ કર્યું હતું. ઓપરેશન બાદ ૧૦ દિવસ સુધી સતત મોનિટરિંગ બાદ દર્દી સાજા થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ છે, જેથી તેમના ૬ વર્ષના પુત્ર અને દોઢ વર્ષની પુત્રીને પોતાની માતાનો પ્રેમ પાછો મળ્યો છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225